**સચિવાલયના વિભાગોમાં મુખ્ય તકેદારી અધિકારીની નિમણૂંક કરવા બાબત.**

ગુજરાત સરકાર,

ગૃહ વિભાગ

પરિપત્ર ક્રમાંકઃ લરવ-૧૦૨૦૧૧-જીઓઆઇ-૨-હ,

સચિવાલય, ગાંધીનગર, તા.૧૧-૧૨-૨૦૧૨

વંચાણમાં લીધો :- (૧) ગૃહ વિભાગનો ઠરાવ નં. એસવીસી-૧૦૭૪-૧૫૧૬-હ તા.૭-૮-૧૯૭૪

(૨) ગૃહ વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ ઠરાવ-૩૧૮૬-૨૯૯૫-હ, તા.૧૬-૭-૧૯૮૮.

(૩) ગૃહ વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ ગતપ-૩૨૨૦૦૦-૩૩૬૬-હ, તા.૨૭-૧૨-૦૧.

(૪) ગૃહ વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ એસવીસી-૧૦૭૪-૧૫૧૬-હ, તા.૨૭-૨-૨૦૦૪

## પરિપત્ર

સચિવાલયના વિભાગોમાં અને તાબાની કચેરીઓમાં પડતર તકેદારી કેસો/સંદર્ભો/ ભલામણોના નિકાલમાં વિલંબ નિવારવાના આશયથી, ગૃહ વિભાગના ઉપર વંચાણમાં લીધેલ ક્રમ(૧) અને (૨) સામે જણાવેલ ઠરાવ, તથા ક્રમ(૩) અને ક્રમ(૪) સામે જણાવેલ પરિપત્રથી મુખ્ય તકેદારી અધિકારીની અને તકેદારી અધિકારીઓની નિમણૂંક, ફરજો અને જવાબદારીઓ, તથા મુખ્ય તકેદારી અધિકારીશ્રીની કામગીરી અંગેની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

પ્રસ્તુત બાબત પરત્વે સી.બી.આઇ. દ્વારા સર્વે રાજ્યોના લાંચરૂશ્વત વિરોધી બ્યુરોના વડાઓ સાથે તાજેતરમાં યોજવામાં આવેલ કોન્ફરન્સમાં સરકારશ્રીના વહીવટમાંથી લાંચરૂશ્વતની બદી અટકાવવા માટે લાંચરુશ્વત વિરોધી બ્યુરોના વધુ સંકલન અર્થે લેવા ધારેલા પગલાંના એક ભાગરૂપે કરવામાં આવેલ ભલામણ અનુસાર ઉપર વંચાણમાં લેવામાં આવેલ સુચનાઓ મુજબની કાર્યવાહી સઘન બનાવવાનો નિર્ણય લેવામાં આવેલ છે. પ્રસ્તુત વિષય બાબતમાં ઉપર જણાવ્યા અનુસારના સ્થાયી હુકમો અનુસાર ચુસ્તપણે અમલ કરવા/કાર્યવાહી કરવા સચિવાલયના દરેક વહીવટી વિભાગને અને ખાતાના વડાઓને આથી વિનંતી કરવામાં આવે છે.

દરેક વિભાગના નિયુક્ત મુખ્ય તકેદારી અધિકારીનું નામ, હોદ્દો, ફોન નંબર, ઇ-મેઇલ વગેરે વિગતો દિન-૫ માં ગૃહ વિભાગને પહોંચાડવાની વ્યવસ્થા કરવા આથી જણાવવામાં આવે છે.

તદઅનુસાર દરેક વિભાગના મુખ્ય તકેદારી અધિકારીશ્રીએ તેઓના તાબાના ખાતાના વડાની કચેરી/બોર્ડ/કોર્પોરેશનમાં તકેદારી અધિકારીની નિયુક્તિ કરી તેઓના નામ, સરનામું, હોદ્દો, ફોન નંબર, ઇ-મેઇલ એડ્રેસની વિગતો દિન-૧૦ માં ગૃહ વિભાગને તથા લાંચરૂશ્વત વિરોધી બ્યુરો, અમદાવાદને મોકલવા માટે આથી જણાવવામાં આવે છે.

વધુમાં, આ વિગતોમાં ફેરફાર થાય તો તેની જરૂરી નોંધ લઇ શકાય તે હેતુને ધ્યાને રાખી, દર ત્રણ માસે મુખ્ય તકેદારી અધિકારી/તકેદારી અધિકારીની વિગતો ગૃહ વિભાગને અને લાંચરૂશ્વત વિરોધી બ્યુરો, અમદાવાદને મોકલી આપવા માટેની વ્યવસ્થા કરવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**નિખિલ ભટ્ટ**

નાયબ સચિવ, ગૃહ વિભાગ,